# તીર્થ સખી મંડળ : આત્મનિર્ભરતાની દિશામાં અગ્રેસર અણગઢની બહેનો

## સ્વસહાય જૂથથી સ્વાવલંબન સુધી – મહિલા સશક્તિકરણની જીવંત મીશાલ

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના અણગઢ ગામમાં કાર્યરત તીર્થ સખી મંડળ આજે મહિલા આત્મનિર્ભરતાનું ઉજળું ઉદાહરણ બની રહ્યું છે. ઘરની ચાર દિવાલોમાં સીમિત રહેલી બહેનો આજે પોતાની મહેનત અને કૌશલ્યથી આવકનો સ્ત્રોત ઉભો કરી સ્વમાન અને આત્મવિશ્વાસ સાથે જીવન જીવતી થઈ છે. "પોતાની કમાઈની નાની આવક પણ મોટી લાગે છે" રીપલબેન કહે છે, "જે બહેનો બહાર જઈને કામ કરી શકતી નથી, તેમના માટે સખી મંડળ આશીર્વાદ સમાન છે. ઘરેથી રહીને પોતાની કમાઈ થવી આત્મસંતોષ આપે છે." આ ઉપરાંત મંડળ સાથે જોડાયેલી બહેનોને નાના-મોટા કામ માટે લોન સુવિધા પણ મળે છે, જે તેમના જીવનમાં સ્થિરતા લાવે છે.











**સ્વમાન, સ્વાવલંબન અને સમાજ વિકાસ** । તીર્થ સખી મંડળ માત્ર આવકનો સ્ત્રોત નથી, પરંતુ મહિલાઓમાં આત્મવિશ્વાસ, સ્વમાન અને સ્વાવલંબનનો ભાવ જગાવે છે. આજે અણગઢ ગામની અનેક બહેનો પોતાના પરિવાર સાથે સમાજના વિકાસમાં પણ સક્રિય ભૂમિકા ભજવી રહી છે.

### સ્વસહાય જૂથથી સ્વસશક્તિકરણ સુધી

ગુજરાત સરકાર દ્વારા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના GLPC યોજના અંતર્ગત રચાયેલા સ્વસહાય જૂથો ગરીબ અને નબળા વર્ગના લોકોના સામાજિક અને આર્થિક વિકાસ માટે મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. ખાસ કરીને મહિલાઓને ગૃહઉદ્યોગ અને કૌશલ્ય વિકાસ દ્વારા સતત રોજગારી આપી તેમને આત્મનિર્ભર બનાવવા સરકાર પ્રતિબદ્ધ છે.

### તીર્થ સખી મંડળની કાર્યશીલ સફર

અણગઢ ગામમાં કાર્યરત તીર્થ સખી મંડળ સાથે સ્વદેશ સંસ્થા અને AIR Products દ્વારા CSR ફંડ હેઠળ વિવિધ વિષયો પર તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમના કારણે ગામની મહિલાઓ ઘર બેઠા પોતાના સમય અનુસાર કામ કરી આવકના નવા રસ્તા ઊભા કરી રહી છે.

### જુટ બેગથી આત્મવિશ્વાસ સુધી

તીર્થ સખી મંડળના સભ્ય રીપલ ગોહિલ વિજયભાઈ જણાવે છે કે તેઓ દોઢ વર્ષથી મંડળ સાથે જોડાયેલા છે. મંડળની ૧૦ બહેનોને જુટ મટીરિયલમાંથી મોબાઇલ કવર, પાઉચ, ફાઇલ, ફોલ્ડર, પર્સ, હેન્ડબેગ અને થેલાં બનાવવાની તાલીમ મળી છે. તૈયાર થયેલા આ ઉત્પાદનો સરકારશ્રીના સરસ મેળા, નારી મેળાઓ તેમજ કંપનીઓ અને સંસ્થાઓના ઓર્ડર દ્વારા વેચાય છે. દિવાળી અને અન્ય તહેવારોમાં સ્થાનિક દુકાનો અને મોલ્સ મારફતે પણ વેચાણ થાય છે, જેના કારણે આવકમાં નોંધપાત્ર વધારો થાય છે.

### પ્રેરણાદાયી ઉદાહરણ

તીર્થ સખી મંડળ સાબિત કરે છે કે યોગ્ય માર્ગદર્શન, તાલીમ અને સહકારથી મહિલાઓ પણ આત્મનિર્ભર બની પોતાના અને સમાજના ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકે છે. આ મંડળ આજે 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને ગ્રામ્ય સ્તરે સાકાર કરતી પ્રેરણાદાયી કહાની બની છે.

# જશોદા ગીર ગૌશાળા : ગ્રામ્ય મહિલા સશક્તિકરણનું જીવંત શક્તિ કેન્દ્ર

ગૌશાળા દ્વારા દર મહિને આશરે **રૂ. ૧.૪૫** લાખ દૂધ વેચાણમાંથી **રૂ. 30** હજાર ગાયના છાણ આધારિત ઉત્પાદનોમાંથી આ રીતે કુલ લગભગ **રૂા. ૧.૭૫** લાખ જેટલી આવક મેળવે છે

**જશોદા ગીર ગૌશાળા આજે સાબિત કરે છે કે ગૌસેવા, સ્વદેશી વિચાર અને મહિલા શક્તિ– આ ત્રણે મળીને ગ્રામ્ય ભારતના ભવિષ્યને નવી દિશા આપી શકે છે.**

## સિદ્ધિ પટેલની યાત્રા – આત્મનિર્ભર ભારત અને સ્વદેશી ઉદ્યોગશીલતાનું ઝગમગતું ઉદાહરણ

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ગ્રામિણ વિસ્તારમા વસેલી જશોદા ગીર ગૌશાળા આજે માત્ર ગૌસેવા સુધી સીમિત નથી, પરંતુ ગ્રામ્ય મહિલાઓને આત્મનિર્ભર બનાવતી એક શક્તિશાળી આર્થિક સંસ્થા બની છે. પરંપરાગત જ્ઞાન, પંચગવ્ય વિજ્ઞાન અને આધુનિક બજારની સમજણને જોડતી આ ગૌશાળા સિદ્ધિ પટેલના નેતૃત્વમાં મહિલા સશક્તિકરણનું પ્રેરક મોડેલ બની ઉભરી છે. જશોદા ગીર ગૌશાળા આજે સાબિત કરે છે કે ગૌસેવા, સ્વદેશી વિચાર અને મહિલા શક્તિ–આ ત્રણે મળીને ગ્રામ્ય ભારતના ભવિષ્યને નવી દિશા આપી શકે છે.

### એક વિચારથી ઉદ્યોગ સુધી

પાદરાના તાજપુરા ગામે વર્ષ ૨૦૧૯માં સ્થાપિત થયેલી જશોદા ગીર ગૌશાળામાં આજે આશરે ૭૦ ગીર ગાયોનું સંવર્ધન થાય છે. પંચગવ્ય તાલીમ બાદ વર્ષ ૨૦૨૧થી મૂલ્યવર્ધિત ઉત્પાદનોની યાત્રા શરૂ થઈ, જેણે ગૌશાળાને આવક ઉત્પન્ન કરતી સંસ્થામાં ફેરવી નાખી.





### સિદ્ધિ પટેલ સશક્ત નારીનું નેતૃત્વ

સિદ્ધિ પટેલે ગૌશાળાને માત્ર સેવા કેન્દ્ર નહીં પરંતુ ડેરી અને ગૌઆધારિત ઉદ્યોગ તરીકે વિકસાવ્યો. તેમના માર્ગદર્શન હેઠળ ગૌશાળા દ્વારા આજુબાજુના ગામોની ૮થી ૧૦ મહિલાઓને નિયમિત રોજગાર મળી રહ્યો છે. આ મહિલાઓ માટે આ ગૌશાળા માનપૂર્ણ આવક અને આત્મવિશ્વાસનું કેન્દ્ર બની છે. જશોદા ગીર ગૌશાળા આજે સાબિત કરે છે કે ગૌસેવા, સ્વદેશી વિચાર અને મહિલા શક્તિ–આ ત્રણે મળીને ગ્રામ્ય ભારતના ભવિષ્યને નવી દિશા આપી શકે છે.

### આત્મનિર્ભર ભારતનું ગ્રામ્ય સ્વરૂપ

સિદ્ધિ પટેલની યાત્રા 'આત્મનિર્ભર ભારત', 'સ્વદેશી અપનાવો' અને 'મહિલા સશક્તિકરણ'ના વિચારને ગ્રામ્ય સ્તરે સાકાર કરતી ઝગમગતી કહાની છે. ભવિષ્યમાં ઉત્પાદન ક્ષમતા અને બજાર પહોંચ વધારવાના આયોજન સાથે જશોદા ગીર ગૌશાળા વધુ મહિલાઓને આત્મનિર્ભર બનવાની પ્રેરણા આપી રહી છે. અહીં કામ કરતી મહિલાઓ આજે પરિવાર અને સમાજમાં સન્માનજનક સ્થાન મેળવી રહી છે.

**ગૌમયથી ગ્લોબલ સુધી ।** આજે જશોદા ગીર ગૌશાળા ખાતે ૧૫થી વધુ સ્વદેશી, રાસાયણિક મુક્ત ઉત્પાદનો તૈયાર થાય છે, જેમા ગૌમય દીપક, ધૂપ કપ-સ્ટિક્સ, ગોબર માળા, દુખાવા નિવારક તેલ, ઘી, પ્રાકૃતિક સાબુ, દાંત પાવડર, ગોનીલ ફ્લોર ક્લીનર, મોબાઇલ રેડિએશન પ્રોટેક્ટર ચિપ્સ, ફૂટ રેસ્ટ, મોબાઇલ સ્ટેન્ડ અને ઔષધિય ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આ ઉત્પાદનો આજે સમગ્ર ભારતમાં વેચાઈ રહ્યા છે, જે સ્વદેશી અને પ્રાકૃતિક વિકલ્પોની વધતી માંગ દર્શાવે છે.

### આર્થિક સફળતા સાથે સામાજિક પરિવર્તન

જશોદા ગીર ગૌશાળા મહિલાઓ માટે માત્ર આવકનો સ્ત્રોત નથી, પરંતુ નાણાકીય સ્વતંત્રતા, સ્વમાન અને આત્મવિશ્વાસનું માધ્યમ છે.

# પ્રેમથી સિંચન-મહેનતથી ઉછેર પ્રીતિબેનના ઘરમાં શાકભાજીનું ઉપવન



## દિવાળીપુરાની ટેરેસ પર ૯ વર્ષથી 'ઘરની ખેતી' શુદ્ધ આહાર અને હરિયાળી જીવનશૈલીનું ઉત્તમ ઉદાહરણ

વડોદરાના દિવાળીપુરા વિસ્તારમાં આવેલા એક ઘરના ટેરેસ પર પગ મુકતા જ એવું લાગે કે જાણે કોઈ હરિયાળા ઉપવનમાં આવી પહોંચ્યા હોઈએ. ચારે તરફ શાકભાજી, ફળો અને ફૂલોની હરોળો, રંગબેરંગી પાંદડાઓ અને તાજગીથી ભરેલું વાતાવરણ–આ બધું પ્રીતિબેન ગોહિલના શોખ અને સંકલ્પનું જીવંત પ્રતિબિંબ છે.





**આરોગ્ય, બચત અને પ્રેરણા ।** પ્રીતિબેન માને છે કે બજારમાં મળતા શાકભાજીમાં રહેલી દવાઓ કરતાં ઘર આંગણે ઉગાડેલું શાકભાજી વધુ સલામત અને પૌષ્ટિક છે. નાની જગ્યામાં પણ કિચન ગાર્ડન શક્ય છે–એવો સંદેશ તેઓ સૌને આપે છે. કિચન ગાર્ડન માત્ર શોખ નહીં, પરંતુ આરોગ્ય, આત્મસંતોષ અને ઘરખર્ચમાં બચતનું ઉત્તમ સાધન છે. પ્રીતિબેન ગોહિલ આજે શહેરજીવનમાં પ્રકૃતિ સાથે જોડાયેલી જીવનશૈલીનું પ્રેરક ઉદાહરણ બની રહ્યા છે.

### શાકભાજી-ફળોની સમૃદ્ધિ

ટેરેસ પર ચાઈનીઝ કોબી, ફ્લાવર, ભિંડા, મરચાં, મુળા, ટામેટા, પાલક, મેથી, ધાણા, પુદિનો, દુધી, તુરીયા, કારેલા, કોળું સહિત અનેક શાકભાજી ઉગાડવામાં આવે છે. ઉપરાંત મોટા પોટમાં અંજીર, સરગવો, લીંબુ, આંબો, સ્વીટ લાઇમ, સીતાફળ, એપલ બોર અને ચીકુ જેવા ફળો પણ સફળતાપૂર્વક ઉછેરાયા છે.

### સંતુલિત ખેતી

પોલીનેશન માટે ફૂલો અત્યંત જરૂરી હોવાનું સમજતા પ્રીતિબેને ગુલાબ, મોગરો, જાસમીન, ગલગોટા, જુહી, જાસુદ અને ટેક્સાસ સેજ જેવા ફૂલોના છોડ પણ ઉગાડ્યા છે. ટેરેસ પર ભાર ન પડે તે માટે માટીમાં રાઇસ હસ્ક, વર્મી કમ્પોસ્ટ અને ઘઉંનું પરાળ મિક્સ કરે છે. સાથે જ જીવામૃત અને ઘનજીવામૃતના નિયમિત ઉપયોગથી પાક વધુ સ્વસ્થ અને ઉપજદાર બને છે.

### ટેરેસ પર હરિયાળું સ્વપ્ન

છેલ્લા ૯ વર્ષથી ૩૦૦ અને ૧૫૦ ચોરસ ફૂટ એમ કુલ ૪૫૦ ચોરસ મીટર ટેરેસમાં તેઓ પ્રાકૃતિક ઢબે કિચન ગાર્ડનિંગ કરી રહ્યા છે. આજે તેમના ટેરેસ પર કુંડા, ડ્રમ અને ગ્રો બેગ મળી ૨૫૦ જેટલા પોટ્સ છે, જેમાંથી દર અઠવાડિયે આશરે ૪ કિલો અને દૈનિક ૨૦૦થી ૩૦૦ ગ્રામ તાજું શાકભાજી મળે છે.



### શોખમાંથી સર્જનાત્મક સફર

પ્રીતિબેન ગોહિલ એક ગૃહિણી છે, પરંતુ ખેતી તેમનો આત્મીય શોખ છે. નાનપણમાં માતા-પિતાને ખેતરમાં કામ કરતા જોઈને ખેતી પ્રત્યે પ્રેમ ઊગ્યો હતો. શહેરમાં જમીનના અભાવે ખેતર શક્ય ન બનતાં તેમણે ટેરેસને જ પોતાની ખેતીભૂમિ બનાવી.આ શોખને માત્ર શોખ સુધી સીમિત ન રાખતા પ્રીતિબેને ૬ મહિનાની ડિસ્ટન્સ લર્નિંગ દ્વારા એગ્રીકલ્ચરમાં ડિગ્રી મેળવી અને કિચન ગાર્ડનિંગનું વ્યાવસાયિક જ્ઞાન મેળવ્યું.